સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે ટેકનિકલ સ્ટાફ આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઈસીડી/૧૧૨૦૨૦/૨૧૧૫/બ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/૦૫/૨૦૨૨

<u>વંચાણે લીધા:</u>

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૧૬/૦૪/૨૦૨૧.

**//ઠરાવ//**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે આઉટસોર્સની ૦૬ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ હતી. આ જગ્યાઓને વધુ ૧૧ માસ માટે મેળવવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતેના સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે નીચે મુજબની ૦૬ જગ્યાઓની સેવાઓ મુદ્દત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે (તા.૧૬/૦૩/૨૦૨૨ થી ૧૬/૦૨/૨૦૨૩) માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|
| ૧ | સીનીયર ડેવલોપર (નેટ ટેકનોલોજી) | ૦૧ | ૫૦,૦૦૦/- |
| ૨ | ડેવલોપર | ૦૧ | ૩૫,૦૦૦/- |
| ૩ | મોબાઈલ એપ ડેવલોપર | ૦૧ | ૨૦,૦૦૦/- |
| ૪ | સપોર્ટ એન્જીનિયર | ૦૧ | ૧૫,૦૦૦/- |
| ૫ | એ.આઈ./બીગ ડેટા એક્સપર્ટ | ૦૧ | ૫૦,૦૦૦/- |
| ૬ | ડોક્યુમેન્ટેશન ઓફીસર/કન્ટેન્ટ રાઈટર | ૦૧ | ૨૫,૦૦૦/- |
| કુલ | | ૦૬ | |

૩/- ઉપર સૂચવેલ મહેનતાણા અન્ય ચાર્જિસ સિવાય ધ્યાને લેવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૯/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
4. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
5. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
6. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
7. શાખા સિલેક્ટ ફાઇલ.